R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 16 •ISSUE: 35 DATE: 01-09-2012 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## આત્મહત્યાના આરોપસર માર બેસીલીઓસ મેમોરીયલ હોસ્પીટલ,કેરાલા ની નર્સોની ધરપકડ



કેરાલામાં કોથામંગલમ,અર્નાકુલમ ખાતે આવેલી અને સીરીયન જેકોબાઈટ ચર્ચ દ્વારા સંચાલિત હોસ્પીટલના સ્ટાફ તરફથી ઓછા પગાર અને કામની પરિસ્થિતિ બાબતે હડતાલ પાડવામાં આવી હતી.૧૧૬ દિવસથી ચાલતી આ હડતાલનું ૧૬મી ઓગષ્ટે કેરાલા સરકારના બે મંત્રીઓની દરમિયાનગીરીથી સમાધાન થવા પામ્યું હતું.પરંતુ હડતાલ દરમિયાન પોલિસ ઉતારેલી વીડીયો ટેપના આધારે તેમણે હડતાલમાં ભાગ લેનારા ૫૦૦ જેટલા હોસ્પીટલના સ્ટાફ સભ્યો સામે વિવિધ કલમો હેઠળ કેસો નોધ્યા હતા.તેમજ તેમની ધરપકડ બાદ તેમને જામીન પર છોડ્યા હતા.જો કે હડતાલનું સમાધાન થયું તે વેળાએ હોસ્પીટલ સત્તાવાળાઓ તરફથી એવી ખાત્રી આપવામાં આવી હતી કે હડતાલ પાડનારાઓ વિરુધ્ધ કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવશે નહી.શીબુ કુરીયાકોશ, જે વકીલ અને હોસ્પીટલના સેક્રેટરી છે તેમણે કહ્યું હતું કે સમાધાન થયું છે તેથી બધી પુરાણી વાતો ભુલી જવાશે.જો કે કેસ કરવાને કારણે મામલો પેચીદો બન્યો છે.

સ્ટેટ ઈન્ટેલીજન્સના રીપોર્ટ મુજબ કેટલીક રાજકીય પાર્ટીઓએ હડતાલનો ઉપયોગ કરીને હિંસાને પ્રોત્સાહન આપવા પ્રયત્ન કર્યો છે.જોઈન્ટ એજીટેશન કાઉન્સીલના ચેરપર્સન કે.એ.જોયે પોલીસ કાર્યવાહીને વખોડી કાઢી હતી.તેમણે કહ્યું હતું કે સરકારે આપેલા વચનોમાંથી ફરી ગયી છે અને અમારી સાથે વિશ્વાસધાત કર્યો છે.અમો પોલીસ કાર્યવાહી સામે પગલાં લઈશું.જેમની સામે આત્મહત્યાનો આરોપ મુકવામાં આવ્યો છે તે પૈકીના નવ જણમાંના તેઓ એક છે.

## ફીલીપાઇન્સના પુરગ્રસ્ત લોકોની વહારે વર્લ્ડ વિઝન

ફીલીપાઈન્સના ૬૬ ટકા લોકો પુરપ્રકોપનો ભોગ બન્યા છે.૧૧ દિવસના સતત ચાલેલા વરસાદને કારણે આવેલા વિનાશક પુરને કારણે ૬૬ લોકોના મોત નિપજ્યા હતા.એક મિલિયન લોકો અસરગ્રસ્ત બન્યા છે.જો કે પાણીનું પ્રમાણ ઘટ્યુ છે તેથી લોકો તાત્કાલિક આશરો મળે તેવી જગ્યાઓ પર આશરો લઈ રહ્યા છે પરંતુ તેમને જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની અછત છે.ભુખ્યા લોકો અને ભીના કપડામાં રાહત શિબિરોમાં આમતેમ ફરતા જોવા તે સામાન્ય બાબત છે.જે બે રાહત શિબિરોની મે મુલાકાત લીધી તેમાં ૧૦૦૦ કુટુબો આશરો લઈ રહ્યા છે પરંતુ તેઓને દિવસમાં એક વાર ભોજનની તક મળે છે.મનીલા વિસ્તારમાં ૫૦ હજાર જેટલા લોકો માટં ફુડનીજરુરીયાત છે.ક્રિશ્ચિયન ડેવલપમેન્ટ એજન્સી રેડી ટુ ઈટ ફુડ લોકોને વહેચી રહ્યું છે.

## તામીલનાડુમાં વૃધ્ધ અને અશક્ત કેદીઓને મુક્ત કરવા પ્રીઝન ફેલોશીપ મિનીસ્ટ્રીની અપીલ

તામીલનાડુમાં પ્રીઝન ફેલોશીપ મિનીસ્ટ્રીના ૩૦૦ વોલેન્ટીયર્સોએ જેલોની મુલાકાત લીધી હતી.ત્યારબાદ તેમણે રાજ્ય સરકારને વિનંતી કરી હતી કે જેલોમાં ૨૦ વર્ષથી વધારે સમયથી જેલવાસ ભોગવી રહેલા વૃધ્ધ અને શારીરીક રીતે અશક્ત બની ગયેલા કેદીઓને મુક્ત કરવા જોઈએ.પ્રીઝન ફેલોશીપ મિનીસ્ટ્રીના સેક્રટરી સ્ટેટ યુનીટ,શ્રી અમલદાસ જેસુરાજે જણાવ્યું હતું કે અમો એવા કેદીઓનું લીસ્ટ તૈયાર કરી રહ્યા છીએ,જેમને છોડવા માટે અમો સરકારને જણાવવાના છીએ.

સામાન્ય રીતે તામીલનાડુમાં મહાત્મા ગાંધીના તેમજ સી. એન. અન્નાદુરાઈ જે તામીલનાડુના પ્રથમ મુખ્યમંત્રી હતા તેમના જન્મદિવસે કેદીઓને છોડવાની પરંપરા છે.અન્નાદુરાઈનો જન્મદિવસ ૧૫ સાપ્ટેમ્બર છે અને ગાંધીજીનો જન્મદિવસ ૨જી ઓક્ટોમ્બર છે.૨જી ઓક્ટો.એ રાષ્ટ્રીય પ્રીઝનર વેલફેર ડે તરીકે પણ ઉજવાય છે.

આર્ચબિશપ મલયાપ્પાન ચિન્નાપ્પા,મદ્રાસ,માયલાપોર,



તામીલનાડુના ગર્વનરશ્રી જી.રોશૈયાને એક ડેલીગેશન સાથે ગયા હતા ત્યારે તેમણે વૃધ્ધ અને અશક્ત કેદીઓને છોડવા માટે અપીલ કરી હતી.

પ્રીઝન ફેલોશીપ મિનિસ્ટ્રીના ૩૦૦ જેટલા વોલેન્ટીયર્સ તામીલનાડુની જેલોમાંના મોટાભાગના કેદીઓને મળે છે.તેમજ તેમની સાથે ચર્ચા કરે છે.તેમજ તેઓ જ્યારે જેલમાંથી છુટે ત્યારે તેમણે કેવી રીતે સામાન્ય જીવન જીવવું તે બાબતે તેમને બૌધ્ધિક માર્ગદર્શન આપે છે.આ ઉપરાતં આવા કેદીઓનો કુટુબીજનોની પણ મુલાકાત આ લોકો લે છે.પ્રીઝન ફેલોશીપ મિનિસ્ટ્રી એ નેશનલ વોલેન્ટરી ઓરગેનાઈઝેશન છે.જે કેથોલીક બિશપ્સ ફોન્ફરન્સ ઓફ ઈન્ડીયા દ્વારા પ્રમાણિત છે.તેમનું કાર્ય કેદીઓને મુક્ત કરાવવામાં મદદ કરવી,તેમના જેલવાસ બાદ પુનઃવસનની કામગીરીમાં મદદરુપ થવું.તેમજ જે મહિલા કેદીઓ છે તેમને મોરલ સપોર્ટ પુરો પાડવો.

## ઇરાનમાં મોટી ધાર્મિક ક્રાંતિ થશે એવું હું માનું છું - જોએલ રીચાર્ડસન

ધ ઈસ્લામીક એન્ટીક્રાઈસ્ટના લેખક,જોએલ રીચાર્ડસને તાજેતરમાં લખેલી મીડઈસ્ટ બીસ્ટ,ધ સ્કીપ્ચરલ કેસ ફોર એન ઈસ્લામીક એન્ટીક્રાઈસ્ટમા જણાવ્યું છે કે ઈરાન બાબતે કેટલીક એવી બાબતો કેટલાક અમેરીકનો જાણે છે જેમાં અમેરીકન ખ્રિસ્તીઓનો પણ સમાવેશ થાય છે.પ્રથમ તો હાલની સત્તા તેની ચરમસિમા પર છે.ઈરાનના લોકો તેમની નેતાગીરીથી નાખુશ છે.જેથી આ સત્તા ઉથલી પડે તેવી ખરેખર તકો સર્જાઈ રહી છે.તેવું તેમણે જણાવ્યું હતું. તાજેતરના ભરોસાપાત્ર ઈન્ટેલીજન્સના સમાચારો મુજબ એવી દલીલ કરવામાં



આવી હતી કે જો સીરીયામાંથી અસાદની સત્તા બદલાય શકે છે તો તેજ પ્રમાણે આયાતોલ્લા ખોમેનીનુ માળખુ પણ બદલાઈ શકે છે.બીજુ કે ઈરાનમાં ખ્રિસ્તી ધર્મક્રાંતિનો અહેસાસ થઈ રહ્યો છે.જે વિશ્વની મહાન ઘટના છે.કેટલાંક અમેરીકનના ચહેરા પરથી એવું જણાયછે કે તેઓ ઈરાન માટે પ્રાર્થના કરી રહ્યા છે,જો કે મનથી તેઓ યુધ્ધ ચાહે છે.જો તેનો કોઈ સહેલો જવાબ નથી.પરંતુ જેઓ યુધ્ધ ઈચ્છે છે,પરંતુ બહુ ઓછા લોકો પ્રાર્થનાને મહત્વ આપે છે.ઈરાનમાં વાયા સેટેલાઈટ જે પ્રોગ્રામ રજુ કરવામાં આવે છે તેના તેઓ મહેમાન બન્યા હતા.જે પ્રોગામને પાસ્ટર હોરમોઝ શરીયત,રજુ કરે છે તેઓ ઈરાનમાં બીલીગ્રેહામ ઓફ ઈરાન તરીકે જાણીતા છે.તેમનો ટેલીવીઝન પ્રોગ્રામ શબાકેહ-૭ નામથી જાણીતો છે.તેઓ ઈરાનમાં જે ત્રણ જાણીતા વ્યક્તિઓ છે તે પૈકીના છે.પ્રથમ ઈરાનની જાણીતી અને મશુહર વ્યક્તિઓમાં આયાતોલ્લા ખોમીની છે.બીજા પ્રેસીડેન્ટ મોહંમદ અહેમદીનેજાદ છે અને ત્રીજી જાણીતી બનેલી વ્યક્તિ શરીયત છે.શબાકેહ ૭ ઈરાનમાં ૨૪ કલાક ચાલતો પ્રોગ્રામ છે.ઈરાનમાં ૬ ઓફીસ્યલ ચાલતા ટેલીવીઝન સ્ટેશન છે.( અનું. પાન નં ૩ ઉપર)

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

આસામમાં છેલ્લા એક મહિનાથી કોમી હિંસાનું વાતાવરણે,આસામની શાંતિનો ભંગ કર્યો છે.નવેસરથી ફાટી નિકળેલી હિંસાથી બોડો અને લઘુમતી સમુદાયમાં ફફડાટ ફેલાયો છે.હિંસાના વાતાવરણમાં અફવાના એસએમએસ દ્વારા પુરા ભારતમાંથી હિજરત થઈ જે સરકારમાં બેઠેલા લોકો માટે શરમજનક બાબત છે.રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર હોય,નાગરિકોની સુરક્ષા માટે તેઓ સંપુર્ણ પણે જવાબદાર છે.રાજકીય પક્ષોની હિલચાલ જોતાં લાગે છે કે તેઓ તો આ આગમાંથી પોતાના રોટલા શેકી લેવાની ફિરાકમાં છે.વર્ષો પહેલાં હિજરત કરીને આવેલા લોકોમાંના મોટાભાગના લોકો કાયદા અનુસાર ભારતનું નાગરિકત્વ મેળવી ચુકેલા છે.એવા લોકોને ઘુસણખોરો કહેવા કે દલીલ કરવી વ્યાજબી નથી.હિંસક ઘટનાઓનો કોઈ જ બચાવ થઈ શકે નહી.આ ઘટનાને અંજામ આપનારાઓને કડક સજા કરવી જોઈએ.દેશના નાગરિકોને દેશમાં સલામતીનો અનુભવ થવો જોઈએ અને તે માટે સરકારોએ કટિબધ્ધ બનવું પડશે.નહિતર એ દેશ માટં લાંછનરુપ ગણાશે.કોમવાદ,વંશવાદ,પ્રદેશવાદને સીમીત કરવો પડશે.કેટલાક રાજકીય પક્ષો સભા સરઘસોમાં જે સંબોધનો કરે છે તેનાથી પરિસ્થિતિ બગડે છે એવા સભા સરઘસો પર કડક પાબંદી લગાવવાની હિમત રાજયસત્તા સંભાળનારાઓ કરવી પડશે.

## મંતવ્ય

### રાજકારણીઓથી સાવધાન રહીએ!

ફરીથી પાછું સાંસદો દ્વારા લોકસભાની કાર્યવાહી ઠપ કરી દેવામાં આવી છે ને પ્રજાને સ્પર્શતા પ્રશ્નો અંગેનાં બિલ પર નથી ચર્ચા થતી કે નથી તે પસાર થતાં. વિરોધ પક્ષો શાસક સરકાર પર કૌભાંડોનો આક્ષેપ મૂકે છે ને તેના જવાબમાં શાસક પક્ષના સાંસદો ભૂતકાળમાં તમે પણ આવું કર્યું હતું કહી વિરોધ પક્ષોના સાંસદોની ટીકા કરે છે. આવી જ બૌદ્ધિક ચર્ચાઓ વિવિધ ટી.વી. ચેનલો પર પણ રોજ રોજ સાંભળવા મળે છે. કમનસીબી એ છે કે, આ પ્રકારના દોષારોપણો કે ચર્ચાઓનું પ્રજાના હિતમાં કશુંયે ફળ નીપજતું નથી ને આવી બધી બૌદ્ધિક ચર્ચાઓ જાણે કે મનોરંજન કાર્યક્રમો બની રહે છે.સાચી હકીકત તો એ છે કે, બધા જ રાજકીય પક્ષો ને રાજકારણીઓએ દેશની સંપત્તિને લૂંટી છે ને લૂંટવાનું ચાલુ રાખ્યું છે ને એમાંથી કોઈ રાજકારણી બાકાત નથી. સંસદમાં હોય કે ટી.વી. ચેનોલો પરની પેનલ ચર્ચાઓમાં હોય રાજકારણીઓ પ્રજાજનો ને નાગરિકો સમક્ષ પ્રામાણિકતાનો દાવો ને દેખાડો કરીને તેમને છેતરે છે અલબત મૂર્ખ બનાવે છે. લોકસભાના ચાલુ સત્રમાં કેગના રિપોર્ટ પરની ચર્ચામાં પણ સભાનપણે સાંસદો આવું જ કરી રહ્યા છે. સત્ય હકીકત તો એ છે કે, રાજકારણીઓએ લોકપાલ, મહિલા અનામત વગેરે જેવાં મહત્વનાં ને તાકીદનાં બિલો પસાર થવા દેવાં નથી કારણ જો એ પસાર થાય તો ઘણા બધા સાંસદો ને રાજકારણીઓનાં કૌભાંડો બહાર આવે ને તેમને જેલમાં જવું પડે. એટલે તો તે બધા એકબીજા પર આક્ષેપબાજી ચલાવીને સંસદની કાર્યવાહી જાણીબુઝીને ઠપ કરી દે છે. હકીકતે આ રાજકારણીઓ આપણને બધાને મૂરખ બનાવી રહ્યા છે.

આ બધા માટે ખરેખર તો આપણે મતદારો જ જવાબદાર છીએ. કોઈએ યોગ્ય રીતે કહ્યું છે તેમ પ્રજાને જેવી સરકાર જોઈએ તેવી જ સરકાર મળે છે. ભારતમાં હવે આ બાબતે કોઈ જ ઉકેલ દેખાતો નથી એટલે, આવો ત્રાસ ને તકલીફો વેઠી લીધે જ છૂટકા. વોટ કેનનોટ બી ક્યોર્ડ, શુડ બી એન્ડ્યોર્ડ ! આપણે તો આ લાગના જ છીએ!

### અણ્ણા હજારે ને તેમની ટીમે ચૂંટણીવાળા રાજકારણમાં ન પડવું જોઈએ.

અણ્ણા હજારે ને તેમની ટીમે દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવા ઉપાડેલા અભિયાન અને આંદોલનને સફળતા સાંપડી નહિ તે ખરેખર ભારે અફસોસની વાત છે. ભ્રષ્ટ રાજકારણીઓ અને સત્તા પર આરુઢ સરકાર સામે લડવાની કોઈની તાકાત નથી એ સાબિત થયું છે. હવે અણ્ણા તથા તેમની ટીમ રાજકારણમાં પ્રવેશીને ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવાની તૈયારી કરી રહ્યા છે. પરંતુ, ચૂંટણી લડી તેમાં જીતીને લોકસભા કે વિધાનસભામાં જવું એ સહેલું નથી, અલબત બહુ જ કઠિન છે. અણ્ણાજીના સાથીઓ એમાં નહિ ફાવે ને વધુ નિરાશ થવાનો વારો આવશે. જ્યાં લગી દેશના નાગરિકોમાં જાગૃતિ નહીં આવે, જાહેરજીવનની સુખાકારી જાળવવાની પોતાની ફરજ ને જવાબદારીથી તેઓ સભાન બની સક્રિય નહિ થાય ત્યાં સુધી અણ્ણા હજારેનાં કે બીજા કોઈનાં અભિયાનો સફળ થવાનાં જ નથી.

ફાધર વિલિયમ

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## નુહના વહાણનું સંશોધન કરનાર ભુતપુર્વ પ્લેબોય પ્લેમેટ ઈજાગ્રસ્ત



એક્ટ્રેસ ડોના ડીએરીકો,માટે ટીએમઝેડએ આપેલા રીપોર્ટ મુજબ ૪૪ વર્ષની આ ટર્કીમાં નુહનું વહાણ શોધવા માટે ચાલી રહેલા સંશોધન કાર્ય દરમિયાન ઈજાગ્રસ્ત બની હતી.તેણીએ તેના કેટલાક ઈજાગ્રસ્ત બન્યાના ફોટાગ્રાફ રજુ કર્યા હતા.ઈજાગ્રસ્ત હોવા છતાં તેણીએ જુના કરારમાં વર્ણન કરાયેલ નુહના વહાણની બાબતને શોધવા માટેની કામગીરી ચાલુ રાખી હતી.ટીવટ પર તેણીએ એક સંદેશો મુક્યો હતો કે મારા માટે શુભેચ્છાઓ પાઠવનાર સહુનો હું આભાર માનું છું.મને ઈજાઓ થઈ છે પરંતુ એટલું સારુ છે કે કોઈપણ પ્રકારનું હાડકું ભાગ્યું નથી.સંશોધન ખતરાઓથી ભરેલું છે.હું કંઈ પ્રથમ વ્યક્તિ નથી કે આ સંશોધન કરી રહી છું.પરંતુ મારા જીવનનું આ એક સપનું હતું કે હું આ સંશોધનમાં જોડાઉ.હુ ૯ થી ૧૦ વર્ષની હતી,કેથોલીક સ્કુલમાં જતી હતી ત્યારથી મને નુહના વહાણમાં રસ પડ્યો હતો.જેમ જેમ ઉમર વધતી ગઈ તેમ તેમ મારુ સપનું વધુ મજબુત બનતુ ગયું.તેથી મે માનસિક અને શારીરીક રીતે આ રસ્તો તૈયાર કર્યો.મે વર્ષો સુધી આ બાબતનો અભ્યાસ કર્યો.અને તે ક્યાં હોઈ શકે તેનું અનુમાન કર્યું.મારા અભ્યાસ મુજબ નુહનું વહાણ બે ભાગમાં તુટ્યું હતું.કાંતો ત્રણ ભાગમાં હોઈ શકે.જે અહોરાગોર્ગી એરીયામાં હોઈશકે જે એક ખતરનાક જગ્યા છે.પરંતુ ઈજામાંથી મુક્ત થયા બાદ હું તે માટે પ્રયત્ન કરીશ.

લગ્ન વિષયક
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## સ્વતંત્રતા બાદ દેશનું અધઃપતન થયું છે. .

ભારતની સ્વતંત્રતા એક જુઠ્ઠાણું છે. દેશને ગરીબી, કોમવાદ, ભ્રષ્ટાચાર અને મહિલાઓનાં થતાં શોષણમાંથી હજી મુક્ત કરવાનો છે. આ સમસ્યાઓનો સામનો કરવા આપણે ફરીથી સંઘર્ષ કરવાનો છે. આનો જ્યાં સુધી અંત નહીં આવે ત્યાં સુધી આપણે સાચી રીતે મુક્ત થયા હોવાનું કહેવાશે નહિ અને તેથી આપણામાંથી કોઈને આ સન્માન સ્વીકારવાનો હક નથી. યુનિયન જેકના સ્થાને ભારતીય તિરંગો ફરકાવવાનો મતલબ આપણે સ્વતંત્ર થઈ ગયા છીએ એવો થતો નથી. જ્યારે અમે સ્વતંત્રતા માટે લડ્યાં હતાં ત્યારે, દેશની સંપત્તિ સ્વતંત્રતા બાદ લોકો પાસે આવી જશે એવાં સ્વપ્નાં જોયાં હતાં પણ સ્વતંત્રતા બાદ આ સંપત્તિના માલિકો ગણ્યાગાંઠ્યા પ્રધાનો અને અમુક ઉદ્યોગપતિઓ થઈ ગયા છે. . .આઝાદ હિંદ ફોજના સ્થાપક સુભાષચંદ્ર બોઝે બ્રિટિશરો સાથે મંત્રણા ન કરવાની મહાત્મા ગાંધી અને અન્યોને અપીલ કરી હતી અને તેને બદલે સ્વાતંત્ર્ય સંગ્રામમાં લોકોને સામેલ કરવા જણાવ્યું હતું. સુભાષચંદ્ર બોઝે એવી ચેતવણી આપી હતી કે રક્તપાત નહિ થાય તો લોકોને સ્વતંત્રતાની કિંમતનું ક્યારેય ભાન નહિ થાય. સ્વતંત્રતા બાદ દેશનું અધઃપતન થયું છે. મહિલાઓના દરજ્જાની વાત હોય, જાતિ અને કોમી લાગણીની વાત હોય કે પછી આર્થિકક્ષેત્ર હોય; દરેક ક્ષેત્રમાં દેશની અધોગતિ થઈ છે. આજે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેની ખાઈ વધી રહી છે અને દલિતોનું શોષણ વધી રહ્યું છે. મહિલાઓની હાલત સાવ ખરાબ છે. તેમને મૂલ્યહિન જણસ ગણવામાં આવે છે. પોલીસો અન્યાય કરતા લોકોને પકડવા કરતાં શાંતિપૂર્ણ સત્યાગ્રહ કરતા લોકો પર લાઠી ઝીંકવા એકદમ ઉત્સુક હોય છે. આપણી સ્વતંત્રતા ફરી એક વખત જોખમમાં આવી પડી છે અને તેને બચાવવા આપણે સંઘર્ષ કરવો પડશે.

(સૌઃ ન.મા.) -કેપ્ટન લક્ષ્મી સેહગલ

(આઝાદ હિંદ ફોજની રાણી ઝાંસી રેજીમેન્ટનું નેતૃત્વ કરનાર કેપ્ટન લક્ષ્મી સેહગલે ૯૭ વર્ષની વયે ૨૩મી જુલાઈ, ૨૦૧૨ના દિવસે ચિર વિદાય લીધી. ઓગસ્ટ ક્રાંતિ સુવર્ણ મહોત્સવ સમિતિએ મહિલા સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવાનો ૨૦ વર્ષ અગાઉ કાર્યક્રમ યોજેલો એમાં આપેલા વક્તવ્યનો આ માત્ર અંશ છે જે આજે પણ એટલો જ પ્રસ્તુત છે.)

### સ્વતંત્રતા બાદ

કેપ્ટન લક્ષ્મી સેહગલ કહે છે તેમ સાચે જ સ્વતંત્રતા બાદ દેશનું અધઃપતન થયું છે. આજે દેશમાં પ્રજાજીવનને સ્પર્શતાં લગભગ બધાં જ ક્ષેત્રોમાં માત્ર ભ્રષ્ટાચાર નહિ, પૂરેપૂરી અરાજકતા પ્રવર્તે છે. રાજકારણીઓ મનસ્વીપણે વર્તે છે ને એમની સામે બોલવાની કે વિરોધ કરવાની કોઈની તાકાત નથી. કોઈ વિરોધ કરે કે બોલે તો એ રાજકારણીઓને મન કૂતરું ભસ્યા બરાબર છે. નાગરિકો ને મતદાતાઓ તરીકે પ્રજાજનો આદરપાત્ર છે તેમ છતાં રાજકારણીઓ એવા તો વિવેકહીન છે કે તેઓ પ્રજાજનોની ભારોભાર અવગણના કરે છે ને એમના પ્રતિ લગીરે આદર દાખવતા નથી. સત્તા પર બેઠેલાઓ આ રીતે વર્તે છે એ તો દેશનું મોટામાં મોટું કમનસીબ ગણાય. પરિસ્થિતિ આટલી હદે વણસી હોવાને લીધે જેના હૈયે દેશનું હિત વસે છે તેવા સુજ્ઞ નાગરિકોમાં ઘોર નિરાશા વ્યાપી વળેલી છે ને તેઓ લાચાર બનીને ભારે વેદના ભોગવી રહ્યા છે.

## ૮૫ ટકા ફિલ્મો સેક્સથી ભરપુર હોય છે, એક અભ્યાસ



ફિલ્મો પર અભ્યાસ કરતાં એવું જાણવા મળ્યું છે કે ૮૫ ટકા ફિલ્મોમાં સેક્સ ભરેલો હોય છે.જે માંબાપોને તેમના બાળકોપર ખરાબ અસરો ના પડે તેવું ઈચ્છતા હોય છે તેમના માટે ફિલ્મો ખતરારુપ હોય છે.૧૯૫૦ થી માંડીને ૨૦૦૬ સુધીમાં રીલીઝ થયેલી ફિલ્મોના અભ્યાસ મુજબ તેમાં સેકસનું પ્રમાણ ૮૫ ટકા હતું.૧૯૮૩થી ૨૦૦૩ સુધીમાં જે ફિલ્મો રીલીઝ થઈ તેમાં ૭૦ ટકા સેક્સનું પ્રમાણ હતું.ફિલ્મોમાં તમાકુનો,કે દારુનો ઉપયોગની અસરો પર પણ બાળકોના ઉપર પડે છે.ફિલ્મોમાં બતાવાતા સેક્સના કારણે ૧૪ થી ૧૬ વર્ષની કુમળી વયના બાળકોને વધારે અસર પહોચે છે.ફિલ્મોમાં બતાવાતી બાબતોને કારણે કુમળી વયના બાળકો પર વધારે અસર થવાથી તેમના માનસ યુવાનીમાં વિકૃતતા ધારણ કરે છે.૧૨૦૦ જેટલા બાળકોનો આ સંશોધનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# કુણ સે તું ? ગાંધી મહાત્માની ટોળીનો બહારવટીયો !

વાત્રક અને મહી નદીનાં કોતરોમાં બહારવટિયું કરી લોકોને લૂંટતા પાટણવાડીયા બહારવટિયાઓને સુધારી તેમને સારા માર્ગે ચઢાવીને જીવનમાં સુખ-શાંતિથી જીવાડવા પ્રખર ગાંધીવાદી પૂ.રવિશંકર મહારાજ એ વિસ્તારોમાં રાતદહાડો ઘુમતા હતા. એક દિવસ તેમને ભાળ મળી કે નજીક ક્યાંક કોતરોમાં બહારવટિયાની ટોળી મધરાતે આસપાસનાં ગામડાંમાં ધાડ પાડીને લૂંટવા આવવાની છે. મહારાજે મનસુબો કર્યો કે એમને મળવું ને વાત કરવી. ઝવેરચંદ મેઘાણીએ પોતાની ‘માણસાઈના દીવા’ ચોપડીમાં આ પ્રસંગનું બહુ ચિત્રાત્મક અને રસપ્રદ વર્ણન કર્યું છે તેનો એક અંશ વાંચીએ:

‘ખબરદાર! ત્યાં જ ઊભો રે’જે; નીકર ઠાર થશે.’

તરત મુસાફર થંભી ગયો. બોલનારને એણે થોડે દૂર દીઠો - ઘોડે બેઠેલો.

‘કુણ સે તું?’ ઘોડાની પીઠ પરથી સવાલ આવ્યો.

‘બહારવટિયો છું.’ મુસાફરે જવાબ વાળ્યો.

‘અંઈ ચ્યમ આયો સે?’

‘થોડીક વાતો કરવા. તમારા સર્વ જણને મળી લેવા. ક્યાં છે એ બધા?’

ફરી પાછો દૂરથી ઘોડેસવારે પ્રશ્ન કર્યો:‘કુણ સે તું?’

‘કહ્યું નહિ કે હું બહારવટિયો છું !’

‘કોની ટોરીનો?’

‘ગાંધી મહાત્માની ટોળીનો.’

સામે કોઈ પ્રશ્ન આવ્યો નહિ. ટોળીવાળાનું નામ સાંભળતાં ડાકુઓ મૂંગા બન્યા. અને મુસાફરની જીભ એની મેળે જ આગળ ચાલી:

‘હું ગાંધી મહાત્માની ટોળીનો છું, ને તમને સાચા બહારવટાની રીત શીખવવા આવ્યો છું. કહેવા આવ્યો છું કે એમણે અંગ્રેજ સરકારની સામે બહારવટું માંડ્યું છે. આપણાં બધાં દુ:ખોનું મૂળ આ પરદેશી સરકાર છે. સાચું બહારવટું એમની સામે કરવાનું છે. તમારાં નાનાં બહારવટાંથી કશો દા’ડો વળે તેમ નથી. આજથી બે મહિને બારડોલીમાં સરકાર ગોળીઓ ચલાવશે. તમારે સાચું બહારવટિયું કરવું હોય તો ચાલો ગાંધી મહાત્મા કને.’

આ પ્રસંગ એટલા માટે યાદ કર્યો ને ટાંક્યો કારણ તાજેતરમાં આણંદ પેરીશ વિસ્તારમાંથી કેથોલિકોના કોઈ એક જૂથે ‘જાગૃત’ (?) પત્રિકા બહાર પાડી છે તે વાંચવા મળી જેમાં બિશપ થોમાસથી માંડીને બીજા ફાધરો, સીસ્ટરો અને કેટલાક ધર્મજનોની મર્યાદાઓનો ઉલ્લેખ કરી તેમની સામે સમાજને હાનિ પહોંચાડે છે એવો પોતાનો અફસોસ ઠાલવ્યો છે.

ફક્ત આ પત્રિકા જ નહિ, અવારનવાર આ પ્રકારનાં લખાણો પ્રગટ થયેલાં વાંચવા મળ્યાં છે. મારે મન આવું લખનારા બધા જ બહાદુરો છે, બહારવટિયા છે. અફસોસ માત્ર એ વાતનો થાય છે કે તેઓ નાનાં નાનાં બહારવટિયાં કરવામાં પોતાની શક્તિ ને સામર્થ્ય ખર્ચી નાખે છે. હકીકતે તો તેઓ મોટાં મોટાં બહારવટિયાં કરવા માટે, મોટી મોટી સિદ્ધિઓ હાંસલ કરવા માટે સક્ષમ છે પરંતુ, નાનાં નાનાં પરાક્રમોમા, જેમકે એકબીજાની, બીશપ, ફાધરો, સીસ્ટરો વગેરેની ભૂલો કાઢવી, કોરટ સુધી જવું. . .વગેરેમાં અટવાઈ જતા હોઈ તેમની ઉર્જાનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી ને પરિણામે તેમના દ્વારા કેવળ નાની નાની સિદ્ધિઓ જ હાંસલ થતી હોય છે, જે કમનસીબ ગણાય અને મને એ બાબતે ઘણો રંજ થાય છે.

આનો કોઈ અસરકારક ઉકેલ ખરો?

હાજી છે જ ને ? એમને મોટું બહારવટિયું કરવાની તક આપવી, એવાં બહારવટિયાં બતાવવાં ને એમાં જોડાવા લઈ જાય તે માટે રવિશંકર મહારાજની ભૂમિકા અદા કરે તેવા કાંતો ધર્મજનો યા તો ધર્મગુરુઓ ઊભા કરવા.

મોટાં બહારવટિયાં કયાં હોઈ શકે ?

કેથોલિક વસાહતોમાં નડતી સમસ્યાઓ દૂર કરવા, ગરીબો વંચિતોના અધિકારો માટે, સરકારી યોજનાઓ મળે એ માટે, કન્યા વિક્રય અટકાવવા, દારૂનું વ્યસન દૂર કરાવવા, અન્નસુરક્ષા ધારાનો અમલ કરાવવા, શિક્ષણના મૂળભૂત અધિકારનો અમલ કરાવવા, બાળમજૂરીનું નિવારણ કરાવવા . . . વગેરે માટે સંગઠિત થઈને લડવું યા તો એ માટે લડનારાઓની સાથે જોડાવું. આ છે મોટાં બહારવટિયાં અર્જન્ટ કરવાનાં છે તેનાં કેટલાંક ઉદાહરણો.

સભાયાજ્ઞિકો આવાં બહારવટિયાંની આગેવાની લઈને ધર્મજનોને તેમાં સામેલ કરે યા લીડરશીપ ક્વોલીટી ધરાવતા ધર્મજનો પોતે આગેવાની લે તો ઘણું હાંસલ કરી શકાય તેમ છે. અને ત્યારે ને તો જ ઉપર ઉલ્લેખ કર્યો તેવી બાબતો દૂર થઈ જશે. લડવા માટે બહાર મોટા દુશ્મનો છે તો ચાલો, અંદરો અંદર લડવાને બદલે, આવા દુશ્મનો સામે લડવાની હિંમત કેળવીએ ને તેમને હરાવીએ!

“ સાચું બહારવટું એમની સામે કરવાનું છે. તમારાં નાનાં બહારવટાંથી કશો દા’ડો વળે તેમ નથી. ” (રવિશંકર મહારાજ)

ફાધર વિલિયમ



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

અનુ પાન નં નું ચાલુ

તેઓ એક ભુતપુર્વ વૈજ્ઞાનિક હતા.હાલમાં તેઓ ઈરાન એલાઈવ મિનિસ્ટ્રીને મદદ અને સંચાલન કરી રહ્યા છે.જે શબાકેહ-૭ ચેનલ અને તેના ૨૪ કલાક ઈરાનમાં ચાલતા પ્રોગ્રામનું પણ સંચાલન કરી રહ્યા છે.શબાકેહ-૭ ઈરાનની બહારથી સેટેલાઈટ દ્વારા ચાલતું સ્ટેશન છે પરંતુ ઈરાનમાં ઓફિશ્યલ નેટવર્ક કરતાં પણ વધુ લોકો તેને જુએ છે.ઈરાનમાં સેટેલાઈટ ડીશ ગેરકાયદે ગણાય છે.પરંતુ ૬૦ ટકાથી વધારે લોકોના ઘરમાં સેટેલાઈટ ડીશો અસ્તિત્વ ધરાવે છે.ઈરાનમાં જોકમાં એવું કહેવાય છે કે ગેરકાયદેસરની સેટેલાઈટ ડીશો એ ઈરાનનું ગેરકાયદેસરનું ફુલ છે.રીચાર્ડસન આ સમરમાં ઈરાનની મુલાકાતે જવાના હતા.તેમના ત્યાં જવા પાછળનો મકસદ તેઓ આઠમી વાર્ષિક ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ મહાડીશમ ડોકટરીનનું પેપર સબમીટ કરવાનો હતો.તેમને કોન્ફરન્સ બાદ શબાકેહ-૭ ચેનલમાં મુલાકાતની તક સાંપડી હતી.

તેઓએ જણાવ્યું હતું કે હું ઈરાનની મુલાકાતે જવાનો હતો અને ત્યાં કેટલાક ઈરાનીય રીલીજીયસ સ્કોલરની સાથે વાતચીત કરવાનો હતો.પરંતુ મને અનાયાસે ૩ થી ૬ મીલીયન ઈરાનીયન લોકો સામે બોલવાની તક મળી.હું લોકો સાથે પ્રત્યક્ષ રીતે બોલી શક્યો.મારી સાક્ષી આપી શક્યો.ઈશ્વર ઈરાનીયન લોકોને ચાહે છે અને ખાસ કરીને સુવાર્તા દ્વારા મે તે કહ્યું.તે તક મારા માટે ખુબજ આર્શીવાદ સમાન હતી અને મને જીવનમાં મળેલી આ એક અદભુત તક હતી.હાલના સત્તાવાળાઓ સુવાર્તાના પાવરથી ગભરાયેલા છે,જે ઈરાનમાં કાર્ય કરી રહ્યો છે.

યુએસ,અને ઈઝરાયેલને ઈરાનના અણુશક્તિ અને તેના હથિયારોથી સતત ટેન્શન રહે છે.કેટલાંક અમેરિકનો ખુલ્લે આમ સ્વીકારે છે કે યુએસ કે ઈઝરાયેલે ઈરાન પર હુમલો કરવો જોઈએ.પરંતુ રીચાર્ડસને કહ્યું કે આ પ્રકારનો હુમલો નકારાત્મક પરિણામ લાવી શકે છે.ઈરાનમાં સામાજીક,ધાર્મિક અને સાંસ્કૃતિક પરિવર્તન શરુ થયું છે.તેવું એલાઈવ વેબસાઈટે જણાવ્યું હતું.હિંસા અને ગુન્હાનું પ્રમાણ ઈરાનમાં વધી રહ્યું છે કારણે વિશ્વમાં સહુથી વધુ ડ્રગ્સનો વપરાશ ત્યાં વધી રહ્યો છે.લોકો ડ્રગ્સ તરફ આગળ વધી રહ્યા છે.વૈશ્યાવૃત્તિ દુ:ખદ સ્થિતિનું નિર્માણ કર્યું છે.ગુન્હાઓ અને નશીલા દ્રવ્યોનું સેવન વધવાને કારણે લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ઈસ્લામના મુળભુત સિધ્ધાંન્તોમાં કંઈક ખોટ આવી છે.લોકો પરિસ્થિતિમાં મોટો બદલાવ ઈચ્છી રહ્યા છે.જે રાજકીય રીતે,આત્મિક રીતે અને સાંસ્કૃતિક રીતે થાય તે માટે લોકોનો અવાજ બુલંદ થઈ રહ્યો છે.આ પરિસ્થિતિમાં આત્મિક ક્રાંતિ ઈરાનમાં આવે માટે એલાઈવ મિનિસ્ટ્રી માટે તક સાંપડી છે.નવી પેઢીને કે જેઓ દેશમાં એક પરિવર્તન ઈચ્છી રહ્યા છે તેમને નવો આત્મિક ખોરાક આપવો જરુરી છે.ખુબજ સંકટભર્યા સમયમાં પણ ઈરાનમાં ચર્ચોનો ગ્રોથ ૨૦ ટકાના દરે દર વર્ષે વધતો રહ્યો છે.અત્યારના આંકડાઓ મુજબ ૨ થી ૭ મિલિયન ખ્રિસ્તીઓ ઈરાનમાં વસે છે.જેઓ કે કદી ધર્મપરિવર્તન કર્યું નથી.

હવે ખરેખર જરૂરીયાત એ છે કે અમેરીકન અને વેસ્ટર્ન ચર્ચોએ આ ક્ષણે જાગવાની જરુર છે.આ એવી એક તક છે કે ઈરાનીયન લોકો ઈસુને ઓળખી શકશે અને તેની પાસે આવી શકશે.આ લોકોને નવા આત્મિક ખોરાકની ભુખ છે,શાશ્વત જીવનની સ્વતંત્રતા તેમને મળી શકે માટે તેમને તક આપવાની જરુર છે.ઈશ્વર દુનિયા માટે શું કરી શકે છે અને તે ચર્ચોએ બતાવી આપવાનું છે.આપણે સહુએ ઈરાનમાં ચાલતી એલાઈવ મીનિસ્ટ્રીને ટેકો આપવાની જરુર છે.ઈસુએ કહ્યું છે ક” ફસલ ઘણી છે પરંતુ મજુરો થોડા છે.’’વિશ્વમાં જો કોઈપણ જગ્યાએ ફસલ છે તો તે ઈરાનમાં છે.પરંતુ આપણા માટે તકની બારી બંધ થઈ જાય તે પહેલા કાર્ય કરવાની જરુર છે.



# ખ્રિસ્તી એથેલેટોને એરીક લીડેલ એવોર્ડથી નવાજાયા

લંડન ઓપ્લેમ્પીક-૨૦૧૨ની પુર્ણાહુતિ બાદ,મોર ધેન ગોડ,ખ્રિસ્તી આઉટરીચ ઓરગેનાઈઝેશન અને સ્થાનિક ચર્ચો જેઓ આ રમતગમતના કુંભમાં જોડાયેલા હતા તેમણે લેગસી એવોર્ડ,એરીક લીડેલના માનમાં આપ્યા હતા.એક પુરુષ અને એક મહિલા ઓલેમ્પીયન જેમણે ઘર,સમાજ અને રમતક્ષેત્રે અદ્ભુત યોગદાન આપ્યું છે તેમની પસંદગી કરવામાં આવી હતી.એરીક લીડેલ,૧૯૨૪માં પેરીસ ખાતે યોજાયેલ ઓલેમ્પીકમાં ગોલ્ડ અને બ્રોઝ મેડલ બ્રિટન વતીથી જીત્યા હતા.તેઓ ઓસ્કાર વિનીંગ ફિલ્મ ચેરીઓટ ઓફ ફાયર માટે પણ જાણીતા છે.પુરુષ શ્રેણીમાં યુએસના બ્રાયન કલે જેઓ ડીકેથલોન માં ૨૦૦૮માં ગોલ્ડ મેડલ જીત્યા હતા,અને મહિલા શ્રેણીમાં ડેબ્બી ફલડ જેઓ ઓલેમ્પીકમાં સીલ્વર મેડલ જીત્યા હતા તેમને આ એવોર્ડ અપાયો હતો.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦

શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

# હુડકો દ્વારા ઘર બાંધકામ માટે પગારદાર લોકો માટે માત્ર ૧૦.૨૦ ટકાના વ્યાજે રૂ.૨૫ લાખ સુધીની લોન

'હુડકો નિવાસ'નામની નવી આવાસ લોન યોજના કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી વિકાસ નિગમ લી.હુડકો દ્વારા પગારદાર લોકો માટે ઘર બાંધવા માત્ર ૧૦.૨૦ટકાના વ્યાજની રૂા.૨૫ લાખ સુધીની હુડકો નિવાસ નામની નવી યોજના જાહેર કરવામાં આવી છે.દેશના મોટા પાટનગર શહેરોમાં વસતા પગારદાર લોકો માટેની આ લોન સૌથી સ્પર્ધાત્મક છે.અને એનો લાભ બિન-પગારદાર લોકો પણ જુથના રુપમાં મેળવી શકશે.

હુડકો નિવાસ લોનમાં માત્ર ૧૦.૨૦ ટકાના ફલોટીંગ દરે વ્યાજ લેવામાં આવશે એ ઉપરાંત પણ એની ઘણી વિશેષતાઓ છે. આમાં. લોનની સાથે મફત વ્યક્તિગત અકસ્માત વીમો, કોઈપણ ચાર્જની અગાઉથી ચુકવણી નહી, લોન મંજુર કરવાના ચાર્જમાંથી મુક્તિ અને લોનની સૌથી બાંબી ૨૫ વર્ષની મુદત મુખ્ય છે.હુડકો નિવાસ લોન યોજના હુડકોની દેશના વિવિધ રાજ્યોના પાટનગરમાંની ૨૦ પ્રાદેશિક કચેરીઓના ક્ષેત્રમાં અમલમાં મુકાશે.

દેશમાં આર્થિક રીતે નબળાં વર્ગના લોકોને પરવડી શકે એવા આવાસો વિકસાવવા માટે પ્રતિબધ્ધ કેન્દ્ર સરકારની માલિકીની આ નાણાંકીય સંસ્થા છેલ્લા ચાર દાયકા ઉપરાંતથી આવાસ બાંધકામ ક્ષેત્રે પ્રવૃત છે.હુડકોએ આજ સુધીમાં ૧૫ લાખથી વધુ આવાસો માટે લોન પુરી પાડી છે.એની આવાસ યોજનાઓમાં, કેન્દ્ર સરકારની આર્થિક મદદને પરિણામે, મહત્તમ રૂા.૨૫લાખના ખર્ચે બંધાયેલા આવાસ માટે રૂા.૧૫ લાખ સુધીની લોન ઉપર વ્યાજમાં એક ટકાની સબસીડીનો લાભ પણ મળે છે.

(પીઆઈબી)

# એક ઝટકે ઉખેડવાનું

અસ્પૃશ્યતા અન્યાયમૂલક છે, તેમાં ધર્મ નથી પણ અધર્મ છે, એ વાત લોકોને ઠીક ઠીક ગળે ઉતરવા લાગી છે. તો પણ એમ કહેનારા ઘણા મળે છે કે હજારો વર્ષથી ચાલતી આવેલી રૂઢિ - અને તે પણ ધર્મને નામે ચાલતી રૂઢિ -એકદમ નહીં તૂટી શકે, જરા ધીમેથી કામ લેવાવું જોઈએ.

ધીરેથી કામ લેવાનું આ તત્ત્વજ્ઞાન બહુ ભયંકર છે. અમેરિકન સ્વતંત્ર્યવીર વિલિયમ લોઈડ ગેરસને જ્યારે કમર કસીને ગુલામીનો વિરોધ કરવા માંડ્યો ત્યારે વહેવારદક્ષ લોકો તેને કહેવા લાગ્યા કે, ''આમ જહાલ ના થશો; જરા ધીરેથી ચાલો, હળવે હળવે પગલાં માંડો.'' તે વખતે ગેરીસને જવાબ વાળેલો કેઃ''હળવે હળવે પગલાં કેમ માંડવાં તે હું સમજતો નથી. તમારા ઘરને આગ લાગી હોય ત્યારે કોઈ તમને કહે કે, બંબો જરા આસ્તેથી ચલાવો, પાણી જરા થોડું થોડું છાંટો, તો તમે તેનું કેટલું સાંભળશો? તમારું ઘર લૂંટનાર ચોરનો હળવે હળવે વિરોધ તમે કેવી રીતે કરશો? તમારી માતા પર અત્યાચાર કરવા પ્રવૃત્ત થયેલા નરાધમનો પ્રતિકાર હળવેથી શી રીતે કરી શકશો?''

સુધારો કે પ્રગતિ ભલે આરામથી ચાલે, પરંતુ અન્યાયનું મૂળ તો એક ઝટકે ઉખેડવું જોઈએ; કંઈ નહીં તો આપણો પ્રયત્ન તો તે જ હોવો જોઈએ. નિર્ભેળ અન્યાય, હડહડતું પાપ, મહા અધર્મ, માણસની સ્વતંત્રતાને પગ નીચે કચડવી - એ બધાં સાથે છૂટછાટ શી મૂકવી? શરીરમાં ગરમ લોહીનું એક ટીપું પણ રહ્યું હોય ત્યાં સુધી, આ અનાચારનો તીવ્રમાં તીવ્ર નિષેધ જ કરવો જોઈએ. કાં તો અસ્પૃશ્યતાની જડ ઉખડી જવી જોઈએ, અથવા ઉઘાડી આંખે તે જોઈ રહેનાર આપણો સદંતર નાશ થવો જોઈએ.

- કાકા કાલેલકર

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ભારતીય સંસ્કૃતિ પણ દૂધે ધોયેલી નથી

નેશનલ વિમેન કમિશનનાં ચેરપર્સને સ્ત્રીઓની થતી છેડતીના સંદર્ભે 'નસીહત' આપી છે કે છોકરીઓએ 'ઠીકઠાક' કપડાં પહેરવાં જોઈએ. પશ્ચિમી સંસ્કૃતિની આંધળી નકલથી ભારતીય સંસ્કૃતિ વિકૃત થઈ રહી છે અને એટલે જ ગૌહાટી જેવા ક્રાઈમ થતાં રહે છે. ઉ.પ્ર.ની એક ગ્રામ પંચાયતે યુવતીઓની રહનસહન અને મોબાઈલ ફોન પર પ્રતિબંધ મૂક્યો છે.

આપણા દેશમાં જ્યારે પણ કોઈ સ્ત્રી સાથે બદસલૂકીની ઘટના બને છે ત્યારે પશ્ચિમી સંસ્કૃતિના નામે છાતી કૂટવાનું શરૂ થઈ જાય છે. દિલ્હીમાં રાત્રે બે વાગ્યે એક બ્રાઝિલીયન મહિલાની બેઈજ્જતી એટલા માટે નહોતી થઈ કે એણે આપણે જેને પશ્ચિમી કહીએ છીએ એવાં ઓછી સાઈઝનાં વસ્ત્રો પહેર્યાં હતાં, પણ એટલા માટે કે એ એકલી ચાલી રહી હતી.

આ એ દેશ છે જ્યાં એકલી સ્ત્રીને જોઈને કોઈ પણ પુરુષ વહશી થઈ જાય છે. આ એ દેશ છે જ્યાં કમઉમ્ર ગરીબ કન્યાને કોઈ પણ બુઢ્ઢા ખુસટ સાથે જબરન પરણાવી દેવાય છે. આ એ જ દેશ છે જ્યાં છોકરી છે એવી ખબર પડતાવેંત એને ગર્ભમાં જ મારી નંખાય છે. આ એ દેશ છે જ્યાં અંધવિશ્વાસની પરવાનગી લઈને નાની છોકરીઓને દેડકા અથવા કુત્તા સાથે પરણાવી દેવાય છે.

સતીપ્રથા પશ્ચિમમાંથી આવી હતી? ? બાળવિવાહ અમેરિકાની આયાત છે? વિધવાઓના વાળ મુંડાવીને ભીખ માંગતી કરી દેવાનું આપણે લંડનની કઈ ગલીમાંથી શીખ્યા? આજે દેશના અડધા ભાગમાં મર્દ ખુલ્લા મોંએ ફરે છે(અને મોં પણ મારે છે) ત્યારે ઔરતોને ઘૂંઘટમાં છુપાઈ રહેવાનો કાનૂન મશ્ચિમમાં કેમ જોવા મળતો નથી? આપણો પ્રોબ્લેમ એ છે કે આપણે દરેક સમસ્યાને સભ્યતા અને સંસ્કૃતિના પૂર્વગ્રહમાં બાંધીને જવાબદારીમાંથી છટકી જઈએ છીએ. હકીકત એ છે કે ભારતીય સંસ્કૃતિ દૂધથી ધોયેલી નથી.

'આપણી સંસ્કૃતિ અને એમની સંસ્કૃતિ' એવા સરળ અને સહેલા ગણિતમાં ક્યારેક પ્રશ્ન એ થાય છે કે પશ્ચિમી સંસ્કૃતિ એટલે શું? લોકોને ખરેખર પશ્ચિમી સંસ્કૃતિની યોગ્ય કહી શકાય એવી સમજ છે ખરી? આપણે જ્યારે પણ પશ્ચિમી સંસ્કૃતિના નામનો સિક્કો ઉછાળી છીએ ત્યારે આપણામાં એક એવી ઈમેજ પ્રોજેક્ટ કરવાનો પ્રયાસ કરીએ, જેમાં લોકો વાત વાતમાં એકબીજાને ગનથી શૂટ કરી દે છે, જ્યાં છોકરીઓ બિકિની પહેરીને ટ્યૂબ ટ્રેનમાં ફરે છે અને ખુલ્લી સડક પર સેક્સસંબંધો બાંધે છે. જ્યાં આપણી ડોશીઓની જેમ લોકો સડકના કોર્નરે ભેગા થઈને ડ્રગ્સ સૂંઘે છે અને જ્યાં પૈસાથી ઘરમાં પિતા કે માતા 'ખરીદી' લેવાય છે.

પશ્ચિમી સંસ્કૃતિ એટલે સેક્સ, ક્રાઈમ, એશ અને ભોગની બેશરમ દુનિયા, એવું આપણું સાદું ગણિત છે. આ જ્ઞાન આપણને ક્યાંથી મળે છે ? આપણે જેને સંસ્કૃતિની સમજ કહીએ છીએ એ આપણને મીડીયા અને હોલીવુડ તરફથી મળે છે અને આ બંને માધ્યમો કન્ઝુમરિઝમ અથવા ઉપભોગતાવાદની એક તગડી ઈન્ડસ્ટ્રી છે. બંનેમાં સેક્સ અને હિંસા ભરપૂર છે. અમેરિકાએ દુનિયાની સૌથી સેક્સી અને હિંસક ઈન્ડસ્ટ્રીને મજબૂત કરી છે-પછી એ 'પ્લેબોય' મેગેઝીન હોય, ઈન્ટરનેટ પોર્ન હોય કે પછી હોલીવુડની સુપર ટેકનોલોજિકલ 'હિંસા' હોય.

આનું કારણ એ છે કે અમેરિકામાં બોલવાની અને બતાવવાની જબરદસ્ત આઝાદી છે. બીજું એ કે સેક્સ પ્રત્યે અમેરિકામાં જબ્બર ખુલ્લાપણું છે અને એટલે જ એનું બાજારીકરણ પણ છે. પશ્ચિમની બીજી ઈમેજ ભોગવાદી અને માફિયાવાદી છે. આપણી આ માન્યતા મૂળભૂત રીતે આપણી મૂડીવાદ-વિરોધી અને સામ્યવાદ-તરફી નહેરુવાદી વિચારસરણીનું પરિણામ છે. શીત યુદ્ધ વખતે આપણે રશિયાનો પાલવ પકડ્યો હતો ત્યારે મૂડીવાદમાં કેટલી બૂરાઈઓ છે એના પાઠ આપણને ભણાવવામાં આવ્યા હતા. આપણે એ પાઠ આસાનીથી ગળે ઉતારી દીધા, કારણ કે, ગોરા લોકોના દુઃશાસનમાંથી આપણે તાજા જ બહાર આવ્યા હતા.

ઈનફેક્ટ, પશ્ચિમી સંસ્કૃતિ વહશી છે એવી આપણી માન્યતા હકીકતમાં આપણી મૂડીવાદ વિરોધી રાજકીય-સામાજિક માન્યતા અને પશ્ચિમની પ્રગતિમાંથી આવી છે. પશ્ચિમની પ્રગતિ અથવા ઔદ્યોગિકરણ ભારતીય સમાજ પર ગોરાઓની પક્કડ મજબૂત બનાવશે એવી ગાંધીવાદી માન્યતા સમાજવાદ-સામ્યવાદ તરફી નીતિ-રીતિ અને કથિત હિંદુ પરંપરા જ મહાન છે એવી આપમી જીદનું પરિણામ એક સ્પષ્ટ પશ્ચિમ વિરોધી અભિગમમાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ ખતરામાં છે એવો આ અભિગમ પેલા ઈસ્લામ ખતરે મેં હે થી જુદો ન હતો.

યુદ્ધનો નિયમ છે કે દુશ્મનને હંમેશાં કાળા રંગથી ચીતરવો અને પોતાને સફેદ રંગથી. 'આપણે અને એ' ના આ જંગમાં આપણે ભારતીય કલ્ચરની એક સાફ, સફેદ ઈમેજ ઊભી કરી હતી તેમાં પારિવારિક મૂલ્યો, સત્યનિષ્ઠા, ધર્મપરાયણતા, મહિલાઓની ઈજ્જત, ત્યાગ અને દાનનો મહિમા, સાદગી અને ન્યાય એ બધું જ હતું. હિંસા, અન્યાય અને પાપ (જેમ કે ધર્મકથાઓના રાક્ષસો) પણ સમાજમાં હતા, પરંતુ સત્યની મહાનતા સાબિત થાય એટલા માટે.

ભારતીય સંસ્કૃતિની આ મહાન તસવીરથી આપણને એટલો પ્રેમ હતો કે સમકાલીન ઈતિહાસની સચ્ચાઈ જ્યારે સામે આવતી હતી ત્યારે આપણે દિગ્મૂઢ થઈ જતા હતા. ઈતિહાસ આપણોય હતો જેમાં દેવીદેવતાઓ સેક્સની ચર્ચા કરતાં હતાં. અને વ્યભિચાર પણ કરતાં હતાં. એવા સાધુ હતા જે સેક્સનાં આસન ભણાવતા હતા અને એવા પૂજારીઓ હતા જે મંદિરોમાં કામક્રીડાની મૂર્તિઓની ઈજ્જત કરતા હતા.

આ એ સમય હતો જ્યારે સમાજમાં જબ્બર સેક્સુઅલ ફ્રીડમ હતી અને સ્ત્રીઓ સમકક્ષ નહિ, પુરુષ પર પ્રભુત્વવાળી હતી અને પોતાનો સેક્સ વ્યવહાર પોતે નક્કી કરતી હતી. સેક્સ પ્રત્યે શર્મ અને અપરાધનો યુગ તો બહુ તાજો છે. આ બધું પશ્ચિમમાંથી આવ્યું નહોતું. આનો ઈતિહાસ ઈંગ્લેન્ડ, અમેરિકાના ઉદ્‌ભવથીય આગળ જાય છે. આમાંનું ઘણું બધું તો પશ્ચિમમાં ય નહોતું.

ટૂંકમાં, બોલિવુડમાં જેવું છે એવું ભારત અસલમાં નથી એવી જ રીતે હોલીવુડમાં છે તેવું અમેરિકામાં નથી. પશ્ચિમી સંસ્કૃતિની આપણી ધારણા એટલી જ અધૂરી ને ગલત છે જેટલી પાકિસ્તાનીઓની ભારતીય ધારણા અધૂરી ને ગલત છે. પાકિસ્તાનમાં ભારતીય કલા અને સિનેમા પર પાબંધી એટલા માટે છે કે એ એક ભ્રષ્ટ સંસ્કૃતિ છે. આપણા તર્ક પ્રમાણે તો પાકિસ્તાનીઓ સહી ન કહેવાય? (સૌઃ દિ.ભા.)

લેખકઃ રાજ ગોસ્વામી


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.